તા : ૨૦-૦૨-૨૦૨૩

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રેલ્વેને લગતા વિવિધ પ્રશ્નોની વેસ્ટર્ન રેલ્વે મુંબઈના જનરલ મેનેજરશ્રી અશોક કુમાર મિશ્રા સમક્ષ રજૂઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મુસાફરોને રેલ્વે અંતર્ગત પડતી મુશ્કેલીઓ તથા વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે આજરોજ રાજકોટ ખાતે પધારેલ વેસ્ટર્ન રેલ્વે મુંબઈના જનરલ મેનેજરશ્રી અશોક કુમાર મિશ્રા સમક્ષ નીચે મુજબના વિવિધ પ્રશ્નો ધ્યાને મુકી યોગ્ય નિરાકરણ લાવવા રજુઆત કરવામાં આવેલ છે.

(૧) રાજકોટ તથા સમગ્ર સૌરાષ્ટ્રના લોકોને સુવિધા મળી રહે તે માટે "વંદે ભારત ટ્રેન" રાજકોટ સુધી લંબાવવી.

(૨) સતાપ્દી ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી.

(૩)રાજકોટ-સુરેન્દ્રનગર ડબલ ટ્રેક તથા ઈલેકટ્રીફીકેશનનું કામ ઝડપી પુર્ણ કરી રાજધાની એકસપ્રેસ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી.

(૪) મુંબઈ સેન્ટ્રલ દુરન્તો એકસપ્રેસ ટ્રેનને બોરીવલી સ્ટેશન ખાતે હોલ્ટ આપવો.

(૫) રાજકોટથી મુંબઈ જતી તમામ ટ્રેનોને બોરીવલી સ્ટેશન ખાતે હોલ્ટ આપવો.

(૬) હરિદ્વારા મેઈલ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી.

(૭) હમસફર એકસપ્રેસ ટ્રેનને ડેઈલી શરૂ કરવી.

(૮) નવજીવન એકસપ્રેસ ટ્રેનને રાજકોટ સુધી લંબાવવી.

(૯) દ્વારકા અને અયોધ્યા અત્યંત ધાર્મિક અને ઐતીહાસીક મહત્વ ધરાવતા શહેરો હોય અને લાખો યાત્રીકો આ સ્થળની મુલાકાત લેતા હોય છે ત્યારે આ બન્ને શહેરો વચ્ચે ડાયરેકટ ટ્રેન ઉપલબ્ધ ન હોય ઓખા-ઓયોધ્યા-ઓખા વાયા મથુરા સપ્તાહમાં બે વખત ન્યું સુપર ફાસ્ટ ટ્રેન શરૂ કરવા રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.